# સંકલન...

## કડીની અસ્મિતા

કહેવાય છે કે 'ધરતીનો છેડો ઘર . . .' જે ધરતીનો ખોળો ખૂંદીને, પુરુષાર્થનાં પગલાં ભરીને માનવી સફળતાનાં શિખરો સર કરે છે, એ શિખરથી નજર કરતાં, પોતાની જન્મભૂમિની ગોદ હંમેશા ખૂબ વહાલી લાગે છે. દુનિયાભરમાં ફરીને પણ જન્મભૂમિની મીઠાશ ભૂલાતી નથી. એટલે જ, આપણને પણ આપણું કડી ખૂબ વહાલું લાગે, સ્વાભાવિક છે. ગુજરાતની ઐતિહાસિક નગરી કડીનો ઈતિહાસ ખૂબ જાજરમાન રહ્યો છે. ચાલો, આજે થોડી એની વાત કરીએ.

ઉત્તર ગુજરાતનું એક ધબકતું નગર એટલે કડી. 'કડી એટલે ગુજરાતનું કાશી', 'કડી સોનાની દડી' જેવી અનેક ગાથા કડી સાથે જોડાયેલી છે. કહેવાય છે કે કડીની રચના સોલંકી કાળમાં થઈ હશે.

સોલંકી શાસનને ગુજરાતનો સુવર્ણયુગ માનવામાં આવે છે. પ્રજાલક્ષી વિકાસકાર્યો સતત ચાલતા રહેતા, એવો આ પ્રગતિશીલ યુગ હતો. સોલંકી કાળમાં કડી વ્યાપાર વ્યવસાયનું ખૂબ મહત્ત્વનું મથક હતું. તેને અનુલક્ષીને શાસકોએ કડીની ફરતે કિલ્લો બંધાવ્યો હતો. જો કે આજે એ કિલ્લો નથી, પરંતુ તેનાં અવશેષ ક્યાંક જોવા મળી જાય છે. હાલમાં કડીની મધ્યમાં જે કિલ્લો છે, તે ગાયકવાડના સૂબા મલ્હારરાવે બંધાવ્યો હતો. આ કિલ્લો કડીના સુવર્ણ ઈતિહાસનો સદંતર સાક્ષી છે. ચારે તરફ પાંચસો ફૂટના કદમાં પથરાયેલા આ કિલ્લાની રચના વિશિષ્ટ પ્રકારની છે. વરસોનાં વહાણાં વીતી ગયા, હકૂમતો બદલાતી રહી, પરિવર્તનની હવા ફેલાતી રહી, પરંતુ આ કિલ્લો સમયને હંફાવીને અડીખમ ઊભો રહ્યો. કડીના ગૌરવપૂર્ણ ઈતિહાસનો મૂક સાક્ષી બની રહ્યો. આજે પણ આ કિલ્લો કડીના ગૌરવપૂર્ણ વ્યક્તિત્વની આગવી ઓળખ છે.

સોલંકી શાસનથી લઈને મુસ્લિમ સુલતાનો, મહત્વાકાંક્ષી મુગલો, કાબેલ અંગ્રેજો અને છેલ્લે ગાયકવાડી શાસનનું કડી સાક્ષી બન્યું છે. મજાની વાત તો એ છે, કે મુગલ સુલતાનોના સમયકાળ દરમિયાન કડી, ક્યારેક સુલતાનાબાદ કે રસૂલનગર તરીકે પણ ઓળખાતું હતું.

'કડી' નામ કેવી રીતે પડ્યું હશે, એ વિષે ખૂબ રસપ્રદ માહિતિ છે. એક અર્થઘટન એવું છે, કે 'કડી' એટલે જોડનાર. માત્ર સ્થળોને નહિ, પરંતુ માણસ-માણસને જોડનાર. વિકાસનગરી કડીના ગૌરવપૂર્ણ ઈતિહાસ પર નજર કરીએ, તો આ વાત સાચી લાગે છે. પરંતુ એક બીજું અર્થઘટન ખૂબ રસપ્રદ છે. પ્રાચીન સમયમાં કડીની આસપાસ તળાવો સાથે પાણીની ભરપૂર સગવડ હતી. એ સમયમાં, અહીં નાગરવેલના પાનનો વ્યવસાય કરનાર તંબોળી સમુદાય વસતો હોવાથી તેમણે એમની વસાહતનું નામ 'કંડવડી' રાખ્યું. તંબોળનો સંસ્કૃત શબ્દ છે કંડવડી. સમય જતાં આ નામ અપભ્રંશ થઈને કવડી-કડી થયું હશે, એમ સંશોધનકારો કહે છે. આજે કડીમાં તંબોળી લોકોની વિશેષ વસ્તી નથી. શક્ય છે, સમય જતાં તેમણે સ્થળાંતર કર્યું હશે. જો કે, કડીના એક વિસ્તારનું નામ 'તંબોળીવાડો' છે.

'કડી' વિષે અન્ય એક મહત્ત્વની વાત એ કે, અહીંથી ગુજરાતના ઈતિહાસને લગતા ખૂબ જ મહત્ત્વનાં દસ તામ્રપત્ર મળી આવ્યાં હતાં. વિક્રમ સંવત ૧૦૪૩માં સોલંકી વંશના મૂળરાજ સોલંકીના શાસનથી લઈને ઈ.સ. ૧૨૬૧માં મહારાજા વિશળદેવના શાસન દરમિયાન અપાયેલ દાનનો આ તામ્રપત્રમાં ઉલ્લેખ છે.

ઈતિહાસ સાક્ષી છે કે સોલંકીકાળમાં કડી એક વહીવટીમથક તરીકે વિકાસ પામ્યું હતું. કડી જ્યારે મુગલ શાસનમાંથી મરાઠા શાસન હેઠળ આવ્યું, ત્યારે ઈ.સ. ૧૭૦૬માં ખંડેરાવ ગાયકવાડને કડી નગર જાગીર તરીકે આપવામાં આવ્યું હતું. એ વખતે કડી, જેને આપણે 'યુનિયન ટેરીટરી' કહીએ છીએ. એવો, કોઈના તાબા હેઠળ ન હોય તેવો સ્વતંત્ર પ્રાંત હતો. ૧૮૫૭ના વિપ્લવના સમયમાં કડીમાં ક્રાંતિજવાળા

પ્રગટી અને દેશને આઝાદી અપાવવાની દિશામાં અનેક પ્રવૃત્તિઓ થઈ. સમયાંતરે ખંડેરાવજીના મૃત્યુ પછી જ્યારે સયાજીરાવ ત્રીજાએ ગાદી સંભાળી, ત્યારે પ્રજા માટે સુવર્ણયુગ શરૂ થયો. ઠેર ઠેર શાળાઓ, જળાશયો, દવાખાનાં, વ્યાયામ શાળાઓ, ચિત્રશાળા, સંગીતશાળા અને ખેતી વિકાસ માટે સ્વતંત્ર વિભાગ શરૂ થયા. કડી નગર ખૂબ જ વિકસિત થયું. ત્યારે જ, એક નિર્ણાયક સમય આવ્યો . . . ૧૯૪૨નું 'ભારત છોડો' આંદોલન . . . દેશનાં અન્ય ભાગોની જેમ કડીની જનમેદની પણ સ્વતંત્રતાના આંદોલનમાં જોડાઈ ગઈ. કડીનું સર્વ વિદ્યાલય ચળવળનું મુખ્ય કેન્દ્ર બન્યું. અંગ્રેજ સરકારનો બહિષ્કાર . . . ચળવળ માટે ગુપ્ત સભાઓ . . . અંગ્રેજો વિરુદ્ધ ચોપાનિયાં . . . સમગ્ર કડીમાં આંદોલન ભારે જોશ અને જુસ્સાથી પ્રસરી ગયું. અંગ્રેજોએ અનેક નાગરિકોની અટકાયત કરી. આમ, આઝાદીની જવાળાઓને એક પ્રાંતમાંથી બીજા પ્રાંતમાં લઈ જવાની કડી બનીને 'કડી' એ પોતાનું નામ સાર્થક કર્યું.

આઝાદી પછી ૩૧ જાન્યુઆરી, ૧૯૪૯ થી વડોદરા રાજ્યનું મુંબઈમાં વિલિનીકરણ થતાં કડી મુંબઈ રાજ્યનો તાલુકો બન્યું. ૧ મે, ૧૯૬૦ના રોજ અલગ ગુજરાત રાજ્યની રચના થતાં કડીનું નામ અને સ્થાન ગુજરાતના નકશામાં ઉપસી આવ્યું.આજે કડી ગુજરાતનું વેપારીમથક છે, જે ભૂમિએ સાહસવીરો, વિદ્વાનો, સાહિત્યકારો, ઉદ્યોગવીરો આપ્યાં છે, તે આપણી જન્મભૂમિ કડી, આજે તો શિક્ષણનગરી તરીકે સર્વપ્રસિધ્ધ છે. પોળો, ખડકી અને વાડામાં વસેલું કડી, આજે તો સ્વતંત્ર બંગલાઓ અને વિશાળ સોસાયટીઓમાં પરિવર્તિત થઈ ગયું છે. તમામ અદ્યતન સુવિધાઓ અને પ્રાથમિકથી માંડીને ઉચ્ચ શિક્ષણ આપતી શાળા કૉલેજો અને ઉદ્યોગોથી ધમધમતું કડી, આપણા વૈભવી વારસાની એક અવિસ્મરણીય ધરોહર છે. કડીની ધાર્મિક અને આધ્યાત્મિક અસ્મિતા પણ અદ્ભૂત છે. કડી નગરમાં વસેલા, જન્મેલા વૈષ્ણવ આજે પુષ્ટિ સંપ્રદાયનાં આચારવિચાર ગ્રહણ કરી, ૨૦૦ થી વધારે વર્ષથી કડીની ભૂમિને પાવન કરી રહેલા શ્રી ઠાકોરજીના મુરલીમનોહર શ્યામ સ્વરૂપ શ્રી ગોપાલ લાલજીને લાડ લડાવે છે. આપણી દશા દિશાવાળ જ્ઞાતિ વરસોથી કડીમાં વસી છે. દશા વિશાવાળ વણિક જ્ઞાતિનાં અનેક કુટુંબોની જન્મભૂમિ કડી છે અને કર્મભૂમિ દુનિયાભરમાં ફેલાયેલી છે. આવી પવિત્ર, પ્રેરક જન્મભૂમિને પ્રણામ.

સંદર્ભ : 'સંવેદના અને સિદ્ધિ'

- અનિતા તન્ના અને રમેશ તન્ના



શ્રી ગોપાલલાલજીની હવેલી, કડી